શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૮૩ ● તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૦ થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# અચલગચ્છ સંઘના વરિષ્ઠ પ.પૂ. સાધ્વીશ્રી અરુણોદયશ્રીજી મ.સ. કાળધર્મ પામ્યા




કડવા હોય લીમડા,
શીતલ એની છાંય
બાંધવ હોય અબોલડા,
તોય પોતાની બાંય

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# બીજાના દુઃખમાં આપણું સુખ નથી

વ્યક્તિ જ્યારે અન્યનું બૂરુ ઈચ્છે છે ત્યારે કુદરત તેનું જ બૂરું કરી દે છે. એ તેને ખબર હોતી નથી. સ્વાર્થ, લોભ અને ઈર્ષાભાવમાં માણસ પોતાનું હિત જુએ છે. એ તો ખરેખર તેના અધોપતનનું પ્રથમ પગથિયું છે. બીજાને મારવા ઈચ્છુકને પોતાને જ માર પડે છે. જે અન્યને દુઃખી જોવા ઈચ્છે છે આખરે તેને જ દુઃખમાં સબડવું પડે છે એટલે જ કહેવાયું છે. બૂરાઈનો બદલો અહીંનો અહીં જ મળે છે. આ કુદરતના અસ્તિત્વનો વણલખ્યો નિયમ છે. જેને કોઈ બદલી શકતું નથી.

કાવાદાવા, ઈર્ષા, અદેખાઈને બીજાને દુઃખી જોવાનું અસુખ માણસને દિન રાત ભગાવે છે. આવા માણસો ભલે બહારથી સુખી-સંતોષી દેખાતા હોય પણ ભીતરથી વલોપાતથી દુઃખી દુઃખી હોય છે. દરેક ઉપરની વ્યક્તિ તેનાથી નીચેના, નાના માણસને દબાવવાની કોશિષ કરે છે, તેનું હરેક પ્રકારે શોષણ કરે છે. પોતે સુખી રહે એ માટેના કાવા-દાવા કરે છે. આ દોટ, આ વિચાર કે વર્તન માણસનું અધોપતન નોતરે છે. પોતાનો સ્વાર્થ ન કરવાનું કરાવે છે. લોભને કદી થોભ હોતો નથી. સ્વાર્થ ભર્યો સ્વભાવ ધરાવનાર અનેક રીતે દુઃખી હોય છે. પણ એ એને દેખાતું નથી, સમજાતું નથી. દરેક વ્યક્તિ માને છે કે બીજાને કારણે પોતે દુઃખમાં છે પણ, પોતાનું દુઃખ પોતાને કારણે છે એ એને સમજાતું નથી. જ્યારે એને પોતાનું દુઃખ માત્રને માત્ર પોતાના કારણે છે એ સમજાય તો જીવનમાં પરિવર્તન આવી જાય.

જીવનમાં સુખ અને દુઃખનું ચક્ર સતત ફરતું રહે છે. દરેકના સુખી રહેવાના અને દરેક દુઃખી હોવાના પોતાના કારણો હોય છે, સંજોગો હોય છે. એકનું સુખ બીજાનું દુઃખ ન બનવું જોઈએ. જીવનમાં દુઃખ મુશ્કેલી, મૂંઝવણ ઊભી થાય ત્યારે તેના બોજ નીચે દબાવવાને બદલે ચિંતા, રાખ્યા વગર, સંજોગોને સ્વીકારી તેને કઈ રીતે દૂર કરી શકાય એ વિચારવું જોઈએ. કોઈપણ સમસ્યા આપણી ઉપર હાવી ન થવી જોઈએ. ચિંતાનો હાઉ, ભય રાખ્યા વગર તે કઈ રીતે દૂર થાય એ સમતોલ મન-મગજ રાખી શાંત રીતે વિચારવું જોઈએ.

સારા સંજોગો જલદી ચાલ્યા જાય છે જ્યારે ખરાબ સમય-સંજોગો લાંબા ચાલે છે. એવું દરેક પ્રકારે લાગે છે કારણકે આપણું મન ચંચળતા રાખી આ સદ અને બદ સમય સંજોગોને પોતાની રીતે જુએ છે. સુખ અને દુઃખ સતત રહેતાં સંતાપ કરે છે. સુખ પણ થકવી નાખે છે. સતત સુખમાં રહી શકાય નહીં. ભય અને ચિંતા વધી જાય. અને દુઃખમાં હતાશ થયા વગર નાહિંમત થયા વગર ટટ્ટાર છાતી રાખી. સંજોગો અને સમયનો સામનો કરીએ તો કોઈ તાણ રહેતી નથી.

સુખ અને દુઃખ આપણી સર્જત છે. બીજાને દુઃખી જોવાની ભાવના રાખ્યા કરતા આપણે કેમ દુઃખ મૂક્ત રહીએ અને કેમ સુખી થઈ એ એવા ભાવ કે વિચાર રાખવા જોઈએ. બીજાના દુઃખમાં આપણું સુખ નથી એ જલ્દી સમજાઈ જાય તો એ સમજણથી જ આપણું સુખ શરૂ થઈ જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# અચલગચ્છ સંઘના વરિષ્ઠ પ.પૂ.સાધ્વીશ્રી અરુણાદયશ્રીજી મ.સ. કાળધર્મ પામ્યા





તા. ૫ જાન્યુઆરી રવિવાર સાંજે ૪ કલાકે અચલગચ્છ સંઘ માટે દુઃખદ સમાચાર મળ્યા. સંઘના વરિષ્ઠ સાધ્વીજી પ.પૂ. મહાતરા સાધ્વીશ્રી અરૂણાદયશ્રીજી મ.સ. (ઉ.વ.૯૬) દીક્ષા પર્યાય ૬૫ વર્ષ કાળધર્મ પામ્યા.

તેમના પાર્થિવ દેહને સાંજે ૭.૩૦થી વડાલા અચલગચ્છ સંઘમાં દર્શનાર્થે રાખવામાં આવ્યો. સંઘના શ્રાવક-શ્રાવકો મોટી સંખ્યામાં સાધ્વીશ્રીજીના અંતિમ દર્શન-વંદન માટે જમા થયા હતા.

તા. ૬ જાન્યુઆરી સોમવારે સવારે ૮ થી ૧૦ દર્શન, સવારના ૧૦ વાગે ચડાવા અને બપોરે ૧૧ વાગે પાલખીયાત્રા વડાલા અચલગચ્છ સંઘ સિગ્મા લેબની પાસે, ડો. રફી અહમદ કિડવાઈ રોડ વડાલા વેસ્ટથી નીકળી સંઘના સૌ જયનંદા, જયભદ્રાના રટણ સાથે તે પૂજ્યશ્રીના ગુણ સ્મરણ કરતા નમ્ર ભાવે પાલખી યાત્રામાં સજળ નયને જોડાયા હતા.



# પ.પૂ.પ્રવર્તિની સુ.સાધ્વીજીશ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ની પાલખી ઉપડ્યાબાદ પૂ.સાધ્વીજી ભગવંતોએ અવડા અને સવડા દેવવંદન કર્યા



રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના સમુદાયના તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની મુખ્યા સાધ્વી પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા વર્ધમાન તપોનિધિ સુસંયમી પ્રવર્તિની પ.પૂ.સાધ્વીજી અરૂણોદયશ્રીજી મ.સા.ના (ઉ.વ. ૯૬) ૬૫ વર્ષનો દિક્ષાપાળી કાળધર્મ પામ્યા તેઓ સંસારપક્ષે માતુશ્રી ચાંપઈબાઈ ભારમણ મણશી ગડા કચ્છ ગામ મોટા આસંબિયાવાળાના પુત્રી હતા. પાલખીયાત્રા ઉપડયા બાદ પૂ. સાધ્વી ભગવંતોએ અવડા અને સવડા દેવવંદન કરી ગુણ વંદનાવલી કરી.

# સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની શાતાનુવંદના





તા. ૫ જાન્યુઆરી જામનગર અચલગચ્છ ઉપાશ્રય મધે સ્થિરતા કરેલ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. મુનિતીર્થ રત્નસાગર આદિઠાણા-૬ને વર્ધમાન તપોનિધિ સુ.સા.શ્રી અરૂણાદયશ્રીજી મ.સ.ના કાળધર્મ પામ્યાના સમાચાર જાણતા દીર્ઘ સંયમી સુ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.શ્રીસુશીલગુણાશ્રીજી મ.સા., શ્રી હીરણ્યગુણાશ્રીજી મ.સા., શ્રી નયગુણાશ્રીજી મ.સા. ઠાણા જોગ શાતાનુવંદના પત્ર લખી સુ.સા.શ્રી પરમરદ પામે એવી શુભભાવના વ્યક્ત કરી હતી.

# ખાનદેશના ચાલીસગામ નગરે મુમુક્ષુ મોનિકાબેનના પ્રવજ્યા પ્રયાણોત્સવ પ્રસંગે ત્રિદિવસીય ધર્મ આરાધના

કચ્છ તેરા હાલે રાયપુરના માતુશ્રી ભીમલતાબેન પાનાચંદભાઈ લોડાયાના પૌત્રી માતુશ્રી મણિબાઈ ડુંગરશી ધરમશી કચ્છ સાંધાણ હાલે મુંબઈની દોહિત્રી અને રત્નકુક્ષી અ.સૌ.પ્રભાબેન મહેન્દ્રભાઈ લોડાયાની સુપુત્રી મુમુક્ષુ મોનિકાબેન (સી.એ.) ખાનદેશ પ્રદેશના ચાલીસગામ નગર સંઘમાં ભાગવતી દીક્ષા સ્વીકારી રહ્યાં છે.

ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ્રશાંતમના સૌમ્ય સ્વભાવી પ.પૂ.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ચરણે પોતાનું જીવન સમર્પિત કરવા ઉત્કંઠિત થયેલા આધ્યાત્મયોગિની પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રીજી મ.સા.ની સાંસારિક ભાણેજ વિરતીની વાટે વિહરવા થનગની રહેલા મુમુક્ષુ કુમારીના મંગલ મહોત્સવમાં આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનો પ્રવેશ તથા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મતિથિ નિમિત્તે ગુણાનુવાદ મહાસુદ ૨ રવિવાર તા.૨૬ જાન્યુઆરીના થશે.

પ્રવજ્યા પ્રયાણોત્સવના પ્રથમ દિવસ તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૦ ગુરૂવાર મહા સુદ ૬ દિને સવારે ૫.૩૦ કલાકે મંગલ પ્રભાત શરણાઈ વાદન, તા.૬.૩૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારે ૯ થી ૧૧.૩૦ કલાકે શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક, બપોરે ૨ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણ પૂજા, રાત્રે ૯ કલાકે આંગી ભાવના.

દ્વિતીય દિવસ મહાસુદ તા.૩૧ જાન્યુઆરી શુક્રવારના દિવસે સવારે મંગલ શરણાઈ વાદન, સ્નાત્ર પૂજા સવારે ૮.૩૦ કલાકે વર્ષીદાનની શોભાયાત્રા સવારે ૧૦ કલાકે આચાર્ય ભગવંતનું ''સંયમ ક્યારે મળશે'' વિષય પર પ્રવચન, સવારે ૧૧ કલાકે બેઠું વરસીદાન, બપોરે ૨ કલાકે ઉપકરણ વંદનાવલી, ચગ બંધન વિધિ, ઉપકરણની છાબો ભરવાનો, કપડા રંગવાનો કાર્યક્રમ, રાત્રે ૮ કલાકે વિદાય સમારોહ.

તૃતીય દિવસ મહા સુદ આઠમ શનિવાર, તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ દિને મંગલ શરણાઈ, સ્નાત્ર પૂજન બાદ સવારે ૮.૩૦ કલાકે પરમ સુખ અપાવનારી અને અનંત કર્મોનો અગણિત ભુકો બોલાવનારી દીક્ષા વિધિ નો પ્રારંભ.

પ્રવજ્યા પ્રસંગે નિશ્રા પ્રદાતા આપશે આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા, પ.પૂ.મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.દિવ્ય દર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સંયમગુણાશ્રીજી મ.સા., પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.સમ્યગદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.મુક્તિરસાશ્રીજી મ.સા., પ.પૂ.હર્ષવદનાશ્રીજી મ.સા., પ.પૂ.હર્ષનિધિશ્રીજી મ.સા.

પ્રવજ્યા પ્રસંગના ચમકારામાં જિનદર્શન પૂજનનો લાભ, સાધુ સાધ્વીશ્રીજી ભગવંતોના દર્શન-વંદન તથા વાણી શ્રવણનો લાભ, નવકાર મંત્રારાધક નરેન્દ્રભાઈ નંદુ દ્વારા ભાવભક્તિ વિભોર બનાવતી શુધ્ધ વિધિ નયન રમ્ય પ્રભુજીની અંગરચનાનો લાભ ત્રિદિવસીય ઉછળતા ભાવે સાધર્મિક ભક્તિ અને કચ્છના કુશળ ઢોલીઓની તાલબદ્ધ રમઝટ.

મહોત્સવ સ્થળ : શ્રી પદ્મપ્રભ સ્વામિ જૈન શ્વેતામ્બર દેરાસર, સ્ટેશન રોડ, ચાલીસગામ, જિ.જલગામ, સંપર્ક ઈન્દ્રેશભાઈ પોલડિયા ૭૫૮૮૬૪૭૯૦૩ તથા ચંદ્રેશભાઈ લોડાયા - ૯૪૨૨૭૭૯૭૨૧

મહોત્સવ નિમંત્રક : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતામ્બર દેરાસર ટ્રસ્ટ ચાલીસગાવ, માતુશ્રી ભાગલતાબેન પાનાચંદભાઈ લોડાયા પરિવાર, અ.સૌ. લેખા ધવલ લોડાયા, ચિ.શૌર્યા ધવલ લોડાયા, ગામ તેરા-હાલે રાયપુર.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સાંયરા સ્વચ્છતા અભિયાન સાથે સાંયરા સુશોભિકરણ સપ્તાહ



અબડાસા તાલુકાના સુંદર અને રમણીય ગામ સાંયરામાં સાંયરા વિકાસ મંડળ અને શ્રી ક.દ.ઓ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૯ ફેબ્રુઆરીથી તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી સ્વચ્છતા અભિયાન એવમ સાંયરા સુશોભિકરણ સપ્તાહ ચલાવવામાં આવશે.

**મુખ્ય અતિથી**



**શ્રી વિનોદભાઈ ચાવડા**
(માનનીય સાંસદ સભ્યશ્રી-કચ્છ પ્રદેશ)

**અતિથી વિશેષ**



**શ્રી તારાચંદભાઈ છેડા**
(ભુતપુર્વ રાજ્યમંત્રી-ગુજરાત રાજ્ય)



**શ્રી પદ્યુમ્નસીંહ જાડેજા**
(ધારા સભ્ય-અબડાસા)

આ સપ્તાહ અંતર્ગત સાંયરા ગામને સ્વચ્છ કરીને ત્યાંના સ્થાનિક નાગરિકોમાં સ્વચ્છકા પ્રત્યે જાગૃતિ આવે એ માટે મિશન ચલાવામાં આવશે. તદ્‌ઉપરાંત બસ સ્ટેન્ડ જીર્ણોધ્ધાર તથા નૂતનીકરણ, મુખ્યબજારમાં શીતલ જલ પરબ, સડક યોજના માટે મહાનુભાવ સાથે ચર્ચા, પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા જલયોજના. સાંયરા ગામનું સુશોભિકરણ, જે શેરીમાં અંધારુ હોય ત્યા વીજ સ્તંભ ઊભું કરવું, ઓટલા, ગેટ, સાર્વજનિક મકાનોને સમારકામ કરી કલર કરવું, સ્વચ્છતા અભિયાનમાં સર્વ સ્થાનિક ગામવાસીઓની સાથે મળીને જનજાગૃતિ લાવી સહકાર્ય કરવું તથા ૫૦૦થી વધુ વૃક્ષારોપણ ડ્રીપ ઈરીગેશન સાથે કરવું જેવા ગામને ઉપયોગી કાર્ય કરાશે.

સબકા સાથ સાંયરાકા વિકાસના નારા સાથે તા. ૨૫ ફેબ્રુઆરી મંગળવાર સવારે ૯ કલાકે મુખ્ય અતિથિ કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા અને અતિથિ વિશેષ ભૂ.પૂ. રાજ્યમંત્રી તારાચંદભાઈ જગશી છેડા અને અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમન સિંહ જાડેજાના આગેવાની હેઠળ જાહેર સમારોહ રખાયો છે.


# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા મહામંત્ર નવકાર જાપ

રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પ્રેરક ભાવથી તા.૧૨ જાન્યુઆરી રવિવાર સવારે ૭ કલાકે મહામંત્ર નવકાર જાપ (મણકો-૧૧)નું આયોજન શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) મધ્યે કરાયું હતું.

વિધિકાર જીજ્ઞેશભાઈ નાગડા અને ખુશાલભાઈ દેઢિયા અને સાથી કલાકારો. સંપૂર્ણ જાપ આરાધનાના લાભાર્થી જયાબેન હંસરાજ વીરજી વિકમશી હસ્તે વિજયભાઈ ગામ વારાપધ્ધર તથા કસ્તુરબાઈ લખમશી ખોના હસ્તે ખુશાલભાઈ ગામ વરાડીયા.

શ્રાવક-શ્રાવિકાઓએ શ્વેત વસ્ત્ર પરિધાન કરી અનુષ્ઠાનમાં પધાર્યા હતા.

# દક્ષિણ મુંબઈનાં ‘સી’ તથા ‘ડી’ વોર્ડના જિનાલયોમાં સેવા આપતા ટ્રસ્ટીશ્રીઓનું અભિવાદન કરાયું






તા. ૫ જાન્યુઆરી ૨૦૨૦ રવિવાર રોજે શેઠ વાડીલાલ આરાભાઈ દેરાસરજી ટ્રસ્ટ પ્રાર્થના સમાજ દ્વારા દક્ષિણ મુંબઈના ‘સી’ તથા ‘ડી’ વોર્ડના જિનાલયોમાં સેવા આપતા સર્વે ટ્રસ્ટીશ્રીઓનું અભિવાદન કરવાનો સમારોહ પાટકર હોલ મરીનલાઈન્સ મધે સવારના ૧૦.૩૦ કલાકે આયોજિત કરાયો હતો.

સમારોહ પ્રારંભે પ્રાર્થના સમાજ જિનાલય, વાલકેશ્વર જિનાલય, ગોડીજી જિનાલય, ભાયખલા જિનાલય, શ્રીપાલનગર જિનાલય, ગોવાલિયા ટેંક જિનાલય નવજીવન જિનાલય, શ્રી સાંચોર સંઘ, શ્રી સરાદ સંઘના શ્રેષ્ઠીવર્યો સાથે શ્રી અચલગચ્છ સંઘના શ્રી કલ્પેશભાઈ માણેકચંદજી મોતા દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું.

પ.પૂ.મુનીવર્યોના આશીષ વચનોનું શ્રવણ કરી સૌ ધન્ય થયા હતા. વિવિધ જિનાલયોના સેવાર્થી ટ્રસ્ટીઓની અનુમોદના કરવા વિશાળ જન સંખ્યા ઉપસ્થિત રહી હતી.



# શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા ૨૯મો સમુહલગ્નોત્સવ



શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં સમૂહલગ્નોત્સવનું ભવ્યાતી ભવ્ય આયોજન સફળતાપૂર્વક કરાયું. સમાજના ૧૩ નવદંપતિઓ ગૃહસ્થાશ્રમમાં પગરણ પાડી નવજીવનનો મંગલ પ્રારંભ કર્યો.

પ્રથમ દિવસે જાનૈયા-માનૈયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ મહાપૂજન પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં યોજાયું હતું. વિધિવિધાન શ્રી કેવલભાઈ સાવલા-મુંબઈએ કરાવી હતી. જ્યારે સંગીતકાર કૌશિક બારોટ એન્ડ પાર્ટી પાલીતાણાએ ભારે રમઝટ જમાવી હતી. ધોતિયો આપવાની વિધી બાદ શ્રી મહાકાળી માતાજીની ભાવના, ખોંભાનો છાલ, હીરાના કાનફૂલ, પાનેતર સોંપમાં આવ્યા હતા. તેમજ સાંજે ધણીબાવા અને ભલારાદાદાના પાઠ યોજાયા હતા. જ્યારે રાત્રે સમુહ દાંડીયારાસમાં શ્રી ઉત્તમ છેડા જૈની આર્ટના કલાકારોએ ભારે રમઝટ જમાવેલ.

બીજા દિવસે સવારે કન્યાદાન એ મહાદાન, સ્વપ્ન સાકાર કરતું ભવ્ય પ્રદર્શન શ્રી કીર્તીભાઈ ધરમશી તથા જતીન વીરેન્દ્ર લોડાયાના વરદ્ હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ. કન્યાઓને સોના, ચાંદી, હિરા, મોતી, કપડા, ઘરવખરી સાથેની ૨૮૫ આઈટમો વિવિધ દાતાશ્રીઓ દ્વારા કન્યાદાનમાં મળેલ હતી. વર-રાજાઓને સુટ, દાંડીયારાસ, પૂજનમાં, મહાકાલીમાં અલગ અલગ ડ્રેસ તેમજ કન્યાઓને ચણીયાચોલી, મોતી વર્ક સાડી, પીઠા વર્કની સાડીઓ આપવામાં આવી હતી. કન્યાઓ અને વરરાજા એક જ વસ્ત્રોમાં શોભી રહ્યા હતા. તેમજ કન્યાઓને ચણીયાચોલી પણ ગ્રુપ દ્વારા આપવામાં આવેલ. બેન્ડપાર્ટી અને ઢોલ-શરણાઈના સૂરો વચ્ચે વરરાજાઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો હતો. લગ્નીયા વધાવવામાં આવેલ. પોંખવાની વિધિ બાદ હસ્તમેળાપ યોજાયા હતા.

લગ્નોત્સવ દરમ્યાન રાસ ગરબા વરઘોડો, જાન સામૈયું સહિતની વિધિઓ ઉમંગપૂર્વક થઈ. વિવિધ મહાજનો સંઘ મંડળોના અગ્રણીઓ-જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને દાતાઓની ભવ્ય હાજરી સમારોહને ધન્યતા લક્ષી હતી. જ્ઞાતિ ભાઈ-બહેનો સહિત પરિવારનો ઉત્સાહથી પ્રસંગને માણ્યો હતો. દાતાઓની સહકાર્ય ભરી ઉદારતાની શાંતિજૈન જાગૃતિ ગ્રુપએ અનુમોદના કરી હતી.




# સાંયરા તીર્થ જિનાલયના ૧૪૨માં ધ્વજારોહણ પ્રસંગે ત્ર્યાહ્નિકા મહોત્સવનું આયોજન

શ્રી ક.દ.ઓ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ દ્વારા સાંયરાતીર્થ જિનાલયના ૧૪૨મા ધ્વજારોહણ પ્રસંગે તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૦ સોમવારથી તા. ૨૬ ફેબ્રુઆરી બુધવાર સુધી ત્ર્યાહ્નિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.

આ કાર્યક્રમની રૂપરેખા મુજબ પ્રથમ દિન તા. ૨૪ ફેબ્રુઆરી સોમવાર રોજે સવારે ૭.૩૦ કલાકે નવકારશી, સવારના ૧૦.૩૦ કલાકે અતિથિગણ અને ગામવાસીઓનું વાજતે ગાજતે સ્વાગત, બપોરના ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ, બપોરે ૩.૩૦ થી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, સાંજના ૫.૩૦ કલાકે ચોવિહાર-સાધર્મિક ભક્તિ, સાંજે ૭ થી ૧૦ સંગીતમય પ્રભુ ભક્તિ, આરતી, મંગલદીવો અને વિવિધ ચડાવા.

દ્વિતીય દિવસ તા. ૨૫ ફેબ્રુઆરી મંગળવાર સવારે નવકારશી, સવારે ૯ થી ૧૨ સાંયરા સ્વચ્છતા અભિયાન, બપોરે ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ, બપોરે ૧૨.૩૯ કલાકે અઢાર અભિષેક, સાંજે ૩ કલાકે ચા-પાણી, ૫.૩૦ કલાકથી ચોવિહાર સાધર્મિક ભક્તિ, રાત્રે ૭.૩૦ પ્રભુ ભક્તિ, આરતી, મંગલદીવો, રાત્રે ૮.૩૦ થી દાંડીયા રાસ તથા ગરબાની રમઝટ.



તૃતીય દિવસ બુધવાર તા. ૨૬ ફેબ્રુઆરી રોજે સવારે ૭ કલાકે ભવ્યાતિભવ્ય રથયાત્રા, સવારના ૮ કલાકે નવકારશી, સવારના ૯ કલાકે સતરભેદી પૂજા બપોરે ૧૨.૩૯ કલાકે વિજય મુહુર્તે ૧૪૨મી નૂતન ધ્વજા રોહણ, બપોરના ૧૨.૩૦ કલાકે સાધર્મિક ભક્તિ, બપોરે ૩ કલાકે ચા-પાણી, સાંજે ૫.૩૦ કલાકે ચોવિહાર સાધર્મિક ભક્તિ વિધિકાર અને સંગીતકાર કિશોર સાંગાર ગુણપુરીવાલા સંગીતના સૂરોની રમઝટ બોલાવશે.

આ પ્રસંગ માટે રૂ.૧૧૦૦૦ના ડાયમંડ દાતા રૂા. ૭૫૦૦ ના ગોલ્ડન દાતા અને રૂા. ૫૦૦૦ના સિલ્વર દાતાની સ્કીમ રખાઈ છે.

ત્રિહાનિકા મહોત્સવના સાધર્મિક ભક્તિ સંપૂર્ણ ત્રણ દિવસના ભાગ્યશાળી દાતા તથા સાંયરા ગામની નિયાણીબહેનોની આવવા જવાની સ્લીપર ટિકીટના દાતા માતુશ્રી મણિબાઈ ખેતશી લધાભાઈ મોમાયા સહપરિવાર હસ્તે અં.સૌ. શીલા ઉત્તમ મોમાયા (વાશી) તથા નિયાણીબહેનો શ્રીમતી વનિતાબેન કુંવરજી ખોના સુથરી-કલીકટ અ.સૌ. ગુણવંતીબેન રતનશી મૈશેરી, જખૌ-બેંગલોર, મલ્યાબેન શરદ દંડ પરજાઉ-મુલુંડ.

આ પ્રસંગે સૌને ઉમંગથી ત્ર્યાહ્નિકા મહોત્સવમાં પધારવાનું આમંત્રણ ટ્રસ્ટીગણ દ્વારા અપાયું છે.

# નૂતન દીક્ષિત મુનિઓની વડી દીક્ષા

તા.૮ ડિસેમ્બરના રોજ સુથરી મહાતીર્થમાં લોડાયા પરિવારના કુળદીપક વૈરાગી ગૌતમકુમારનો દીક્ષા મહોત્સવ મહાપ્રભાવક શ્રી ધૃત કલ્લોલ પાર્શ્વનાથ દાદાની છત્ર છાયામાં ભારત દિવાકર રાષ્ટ્ર સંત પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી તપ ચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.કલાપ્રભ સાગર સૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો તથા પ.પૂ. મહતરા સાધ્વીજી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ વિશાળશ્રમણી વૃંદ, શ્રી સુથરી જૈન સંઘ સહ કચ્છ પ્રાંતના પર-૪ર મહાજનો, જ્ઞાતિજનો, દાતાઓ મુમુક્ષુના સ્વજનો, સગાસંબંધીઓની વિશાળ હાજરીમાં દીક્ષા મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો.

દીક્ષાર્થી ગૌતમકુમારી સુસંયમી પ.પૂ.મુનિરાજશ્રી ભાગ્યોદય સાગરજી મ.સા.ના શિષ્ય તરીકે મુનિશ્રી ગુર્વોદય સાગરજી મ.સા.ના નામે નામધારી થયા.

નૂતન દીક્ષિત મુનિઓના સંયમજીવનને પ્રમાણિત કરનાર પ્રક્રીયા જેનું નામ વડી દીક્ષાઃ નૂતન દીક્ષિત મુનિશ્રી પ.પૂ. પ્રમોદયસાગરજી મ.સા. અને પ.પૂ.મુનિશ્રી ગુર્વોદયસાગરજી એ હાલમાં જ સંયમજીવન અંગીકાર કરેલ તેમની વડી દીક્ષા પોષ વદ ૯ને શનિવાર તા. ૧૮ જાન્યુ ૨૦૨૦ના દિને સવારે ૮.૧૫ કલાકે યશોધન વર્ધમાન બોતેર જિનાલય મધે અંગીકાર કરશે વડી દીક્ષા પ્રદાતા તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીગુણોદયસાગર સૂરીશ્વરજીની શુભ નિશ્રામાં થશે.

આ પ્રસંગે પધારવાનું ભાવ ભર્યું આમંત્રણ તથા સહુ સગા સંબંધીઓ તથા સુથરી જૈન સંઘના જ્ઞાતિજનોને વડી દીક્ષા પ્રસંગો અવશ્ય હાજરી આપી બંન્ને નૂતન દીક્ષાર્થીઓને હૃદયપૂર્વકના આશીષ આપવા પધારવા માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર તથા માતુશ્રી તારામતી મણિલાલ પદમશી લોડાયા પરિવાર દ્વારા આગ્રહ કરાયો છે.






# પારોલાતીર્થમાં આગમ દિવાકર આ.ભ. શ્રી મહોદયસાગર સૂરિશ્વરજી મ.સા. આદિઠાણા-૨નો નગર પ્રવેશ




પારોલાતીર્થમાં આગમ દિવાકર આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા-૨નું ભવ્ય નગર પ્રવેશ થયેલ. આવી સખત કડકડતી ઠંડીની મોસમમાં પણ આપણા પૂજ્યશ્રી મ.સા. નિર્વિઘ્ન વિહાર કરે છે. એમની આ ધર્મભાવના ખૂબ અનુમોદના ભરી છે. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ એ તેમના દર્શન વંદન કરી ધન્યતા અનુભવી હતી.




# મુલુંડવાસી નલિયા મિત્રમંડળ દ્વારા ગામના તળાવો અને ડેમોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા મિટીંગ

નલિયા ગામના તળાવો અને ડેમોની જળસંગ્રહ ક્ષમતા વધે તે બાબતે ચર્ચા વિચારણા કરવા તા. ૨૯ ડિસેમ્બરના મુલુંડમાં એક મિટીંગ મળી હતી જેના પ્રતિસાદમાં વહેલામાં વહેલી તકે આ પ્રોજેક્ટ શરૂ થાય એ પ્રયાસના અમલીકરણ માટે તૈયારીઓ થઈ રહી છે. સ્થાનિક નલિયા ગામમાં તા. ૧૨ જાન્યુઆરીએ લહેરીભાઈ ભાનુશાલી જયંતભાઈ છેડા અને ચીમનભાઈ ખોનાએ સ્થાનિક ગામવાસીઓ સાથે ચર્ચા વિચારણા કરશે. આ મિટીંગમાં ગામવાસીઓના સલાહ સૂચન જે મળશે તેની ઉપર અંતિમ નિર્ણય લેવા માટે નલિયાના સર્વે જ્ઞાતિના ગામઈ ભાઈઓની મિટીંગ તા. ૧૯ જાન્યુઆરી રવિવારના બપોરે ૧૧ થી ૧ સુધી પી.કે.પવાણી લાયન્સ પેવેલિયન ઈમ્પીરરીયલ લોન્જ, વી.પી.રોડ, મુલુંડ (વેસ્ટ)માં કન્વીનર શાસ્ત્રી ગૌતમભાઈ વિશ્વનાથ જોષીની અધ્યક્ષતામાં રાખી છે. જેમા નલિયા ગામના સર્વે જ્ઞાતિઓ રસપૂર્વક ભાગ લઈ પોતાના સૂચનોનું આદાન પ્રદાન કરે એ માટે પધારવા આમંત્રણ છે.

વધુ વિગત માટે શાસ્ત્રી ગૌતમ વિશ્વનાથ જોષી ૯૯૬૯૯૨૨૧૨૨, લહેરીભાઈ ભાનુશાલી ૯૮૨૦૩૨૧૯૯૯, જયંત વિશનજી છેડા ૯૩૨૨૨૫૭૭૩૧, નાનજીભાઈ સુંદરજી સેજપાલ ભીવંડીવાળા મોનં. ૯૮૨૧૬૨૫૯૪૬.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આદિપુરમાં એસ.ટી. બસ સ્ટેશન સામે આવેલી ઝુંપડપટ્ટીના જરૂરતમંદોને ગાંધીધામ જાયન્ટસ ગ્રુપ ઓફ સહેલી દ્વારા ધાબળાં વિતરણ કરાયું. તથા શહેરની મૈત્રી કન્યા વિદ્યામંદિરમાં ૫૦ છાત્રાઓનું નિઃશુલ્ક રક્ત પરિક્ષણ કરાયું. શાળામાં લોહીના ઘટકો અને રક્તકણ ઉણપ અંગે નિષ્ણાત દ્વારા પ્રવચન અપાયું.

● ગાંધીધામ લાયોનેસ ક્લબ દ્વારા એક શિબિરમાં પૌષ્ટિક આહાર વિષે સમજણ આપવામાં આવી. જેમાં પ્રકલ્પ પ્રણેતા નેહા વોરા દ્વારા રોજિંદી ઘર વપરાશની વસ્તુઓમાંથી કેવું અને કેટલું પોષણ મળે છે. તે વિષેની માહિતી પ્રયોગ સાથે અપાઈ.

● ભોજાય સર્વોદય ટ્રસ્ટ તરફથી અબડાસા તાલુકાના ડુમરા ગામે મોતિયા મુક્ત ગામ અંતર્ગત નેત્રયજ્ઞ યોજાયો જેમા ૮૮ દર્દીઓની તપાસ કરાઈ હતી. ૧૬ દર્દીઓ ઓપરેશન લાયક હોતાં ભોજાય હોસ્પિટલમાં નિઃશુલ્ક કરી આપવામાં આવ્યા હતા.

● નેપાળમાં ૧૦ દિવસ માટે ૧૩મી દક્ષિણ એશિયાઈ રમતો માટે ભુજના યુવાન તરણવીર જયદેવ જયેન્દ્ર શુકલની ભારતીય ટીમના કોચ તરીકે પસંદગી કરાઈ છે. દેશની ટીમના કોચ તરીકે પસંદગી પામીને ભુજના યુવાન તરણવીરે કચ્છને રમતગમત ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે.

● ભુજ પાસે સામત્રાના ઉદ્યોગપતિ કાનજીભાઈ પટેલ રોજગાર રળવા ૧૬ વર્ષની વયે મોમ્બાસા બંદરે એક પહેરેલ જોડી બીજી જોડી થેલીમાં નાંખીને ઉતર્યા સખત મજૂરી મહેનત કરીને નસીબને ચળકાવ્યું. આજે તેમનું કે બ્રાન્ડ સોલ્ટ નમક આફ્રિકાના દેશો યુગાન્ડા, રવાન્ડા, બરંડી, કોંગો, કેન્યા, સુદાન અને તાન્ઝાનિયા ખાય છે. માદરે વતનનું ઋણ અદા કરતા કચ્છની એક માત્ર સુપર સ્પે હોસ્પિટલ મધે એકલપંડે ૪૦ કરોડનું માતબર દાન કર્યું. કર્મભૂમિ આફ્રિકામાં શાળા, કોલેજો ઊભા કરી આપ્યો સાથ ૧૫૦૦ જણને પોતાની કં માં રોજગાર આપે છે. વૃક્ષારોપણ, રોગ નિદાન કેમ્પ, ડિસ્પેન્સનરી જેવી સુવિધા મળે એ માટે તેઓ છૂટા હાથે દાન આપે છે.

● અસાધ્ય બીમારીથી પીડાતી હોવા છતાં વિશ્વના ૩૦ દેશોથી વધુ દેશોના પ્રવાસ કરનારી કોટડા-રોહાની શીતલ પાસડને ગયા મહિને નોઈડાની સ્કૂલમાં રેક્સ તરફથી યોજાયેલ કાર્યક્રમમાં કર્મવીર ચક્રનો એવોર્ડ એનાયત કરાયો. એન્કિલોઝીંગ સ્પોન્ડિલાઈટીસની અસાધ્ય બીમારી છતાં બાળકોને કેમ્પ દ્વારા મોટીવેટ કરી ફ્રીડમ ટુ ફેઈલ અને સેલિબ્રેટ ફેઈલ્યોરથી બાળકોને સાવધ કરે છે.

● તલગાજરડા ખાતે ચિત્રકુટ ધામ મધે તાજેતરમાં ગુજરાતના પ્રાચીન ભજન, સાહિત્ય, સંતવાણી, ગાયકો, વાદકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો. મોરારી બાપુના હસ્તે કચ્છના સંગીત સંગી કલાકારોને પલ સંતવાણી એવોર્ડથી નવાજવામાં આવ્યા. જેમાં ભુજના તબલા વાદક ચતુર સિંહ જાડેજા તથા પાંચોટિયાના મંજીરાવાદક રતન ભારથી ગોસ્વામીનું સન્માન કરાયું.

● ખેતી, પશુપાલન સાથે કચ્છના અનેક પરિવારો માછીમારીના વ્યવસાય પર પોતાનો જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે. જો કે, કચ્છમાં કુલ્લ કેટલા લોકો માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી. ૩૫૦ કિ.મી.નો લાંબો દરિયા કાંઠો ધરાવતા કચ્છમાં કુલ્લ કેટલા માછીમારો નોંધાયેલા છે તેનો આંકડો છેલ્લે ૨૦૦૭માં ૪૫૦૦ જેટલા માછીમારો નોંધાયેલો. બાર વર્ષ વીતી ગયા બાદ કોઈપણ પ્રકારની ગણતરી હાથ ધરાઈ ન હોવાથી આ સમયગાળામાં ઓછામાં ઓછા ૬૦ ટકાનો વધારો થયો હશે એના અનુમાને હાલે સાત હજારથી વધુ માછીમારો જિલ્લામાં પ્રવૃત્ત હોવાની શક્યતા છે.

## જીવન ઘટમાળ

**● લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૨.૨૦૧૯ | ડોમ્બીવલી | દર્શન નવીનચંદ લક્ષ્મીચંદ લોડાયા | માંડવી | ૩૩ |
| | લાતુર | આરતી નરેન્દ્ર લાલજી દંડ | લાખણીયા | ૩૦ |
| **● આંતરજ્ઞાતિ લગ્ન ●** | | | | |
| ૧૦.૧૨.૨૦૧૮ | લાતુર | પરેશ નરેન્દ્ર લાલજી દંડ | લાખણીયા | ૨૮ |
| | લાતુર | પલ્લવી વિજયકુમાર શ્રીકાંતરાવ લીમ્બાલકર | લાતુર | ૨૫ |
| ૦૮.૧૨.૨૦૧૯ | મુલુંડ | કુશ હિરેન લક્ષ્મીચંદ નાગડા | જખૌ | ૨૫ |
| | ચેમ્બુર | અદિતિ ઉત્કલ રતનશી ગડા | બાડા | ૨૫ |

# સાંયરા ગામાઈઓનું ૨૩મું સ્નેહમિલન

શ્રી કચ્છી દસા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ અને સાંયરા વિકાસ મંડળ દ્વારા તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ રવિવાર રોજે બપોરે ૪ કલાકે ૨૩મું સ્નેહમિલન ફ્રેન્ડસ કો.ઓ. સ્કૂલ બેંકવેન્ટ હોલ ૮મે માળે, વસંત ઓસ્કારની સામે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પશ્ચિમ) મધે આયોજિત કરાયું છે. જેમાં સહુ ગામવાસીઓને પધારવાનું સસ્નેહ નિમંત્રણ અપાયું છે. ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટસએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO





BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर



अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।



## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO